
# વિષય - ગણિત  ૧૧. ઘડિયા અને ભાગાકાર

❖ **અધ્યયન નિષ્પતિઓ :-** ૧. ચિત્રાત્મક રીતે ( ટપકાં કે લીટીઓ કે બીજી કોઇ નિશાનીઓ દોરીને ), સમાન જૂથ પાડીને, પુનરાવર્તિત બાદબાકી કરીને કે ભાગાકાર અને ગુણાકાર વચ્ચે આંતર સંબધનો ઉપયોગ કરીને સંખ્યાને બીજી સંખ્યાથી વિભાજીત કરે છે.

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧)  આપેલ ચિત્રાત્મક મહિતી માટે નીચેના પૈકી શું સાચું છે ?..................

(અ) ૨ × ૫  (બ) ૩ × ૬  (ક) ૬ × ૬  (ડ) ૨ × ૬

(૨) નિષ્ઠા એ વાડીમાં રીંગણના ૩૦ છોડ રોપ્યા છે. તેણે છોડની એકસરખી ૫ હાર બનાવી તો દરેક હારમાં કેટલાં છોડ હશે ?...............................

(અ) ૧૫  (બ) ૧૦  (ક) ૩૦  (ડ) ૬

(૩) મીનાએ તેની મરઘીના બચ્ચાં ને પાંજરામાં મૂક્યાં. તેણે ૩૨ પગ ગણ્યા તો તેમાં મરઘીનાં કેટલા બચ્ચાં હશે ?

(અ) ૧૬  (બ) ૩૨  (ક) ૧૨  (ડ) ૨૦

(૪) ઓટોરિક્ષા સ્ટેન્ડ પર ઉભેલી રિક્ષાઓના કુલ ૪૫ પૈડા છે, તો કેટલી રિક્ષાઓ ઊભેલી હશે ?.........

(અ) ૪૫  (બ) ૧૫  (ક) ૩૦  (ડ) ૯

(૫) સુમિત્રા સતત ૧૪ દિવસ શાળામાં ના આવી તો તે કેટલા અઠવાડિયા શાળામાં ના આવી કહેવાય ?....

(અ) બે  (બ) ત્રણ  (ક) ચાર  (ડ) એક

(૬) હિરલે સ્ટેશનરીની દુકાનેથી ૨૪ નંગ પેન્સિલ ખરીદી તો તેને કેટલા ડઝન પેન્સિલ ખરીદી હશે ?....

(અ) ત્રણ  (બ) ચાર  (ક) બે  (ડ) પાંચ

(૭) શાળામાં ૩૫ દિવસનું વેકેશન છે, તો બાળકોને કેટલા અઠવાડિયા રજા મળશે ?..........................

(અ) ૭  (બ) ૫  (ક) ૪  (ડ) ૬

(૮) સાનિયાએ એક વેપારી પાસે ૫૦૦ રૂ ના છુટા કરાવ્યા. વેપારી ૫૦ રૂ ની નોટો આપે છે તો કુલ કેટલી નોટો સાનિયાને આપી ?

(અ) ૨૦  (બ) ૫  (ક) ૧૫  (ડ) ૧૦

**પ્રશ્ન-૨. ૧૨ ના ઘડિયાની રચના ૪ અને ૮નાં ઘડિયાની મદદથી કરો.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ × ૪ | ૨ × ૪ | | | | | | | | |
| ૪ | ૮ | | | | | | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ × ૮ | ૨ × ૮ | | | | | | | | |
| ૮ | ૧૬ | | | | | | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ + ૮ | | | | | | | | | |
| ૧૨ | | | | | | | | | |

## પ્રશ્ન-૩. નીચેના કોયડા ઉકેલો

| | |
|---|---|
| (૧) આયુષીએ ૧૫ મણકાની એક માળા બનાવી. ૯૫ મણકામાંથી આવી બીજી કેટલી માળા બનાવી શકાય ? અને કેટલા મણકા વધે ? ( પુનરાવર્તિત બાદબાકી કરીને જવાબ મેળવો.) | (૨) એક બોક્સમાં ૨૦ લાડુ સમાઇ શકે તો ૧૨૦ લાડુ સમાવવા માટે કેટલા બોક્સ જોઇએ ? ( પુનરાવર્તિત બાદબાકી કરીને જવાબ મેળવો.) |
| (૩) રઘુને પોતાના ઘરની ફરતે દિવાલ બનાવવા માટે ૪૦૦૦ ઈટોની જરૂર છે. છકડો ટેમ્પામાં એક ફેરામાં ૫૦૦ ઈટો આવે છે તો ટેમ્પાના કેટલા ફેરા કરવા પડે ? | (૪) કંચને ભેંસના એક તબેલામાં ભેંસોના કુલ ૯૬ પગ ગણ્યા તો તબેલામાં કેટલી ભેંસો હશે ? |
| (૫) શનિવારે કસરતના દાવ કરવા માટે શાળાના મેદાનમાં ૧૪૪ વિદ્યાર્થીઓ એક સરખી ૮ હારમાં ઊભા રહ્યા છે, તો દરેક હારમાં કેટલા વિદ્યાર્થીઓ હશે. ( ૧૫ બાળકોથી ગણતરીની શરૂઆત કરો. ) | (૬) રામુચાચાએ ૧૨૫ રૂ. ૫ બાળકોને વહેંચ્યા તો દરેક બાળકોને કેટલા રૂપિયા ભાગમાં આવે ? ( ૧૦ રૂ આપીને વહેંચણીની શરૂઆત કરે છે ) |

## પ્રશ્ન-૪. કૂટપ્રશ્ન બનાવો અને કોયડા ઉકેલો.

| | |
|---|---|
| (૧) ૧ મીટર દોરડાની કિંમત ૧૫ રૂ. છે. દામુએ કેટલુંક દોરડું ખરીદી ૧૨૦ રૂ. ચૂકવ્યા.<br>કૂટપ્રશ્ન - ............................................................ | (૨) રાધાએ ૪ ડઝન સફરજન ૩૨૦ રૂપિયામાં ખરીદ્યા .<br>કૂટપ્રશ્ન - ............................................................ |